# નિયમ સંગ્રહ - ૧૩

## રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવનારની વિગતો

### <u>અનુક્રમણિકા</u>

### રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવનારની વિગતો


| અનુ. | વિષય |
|---|---|
| ૧૩.૧ | પરચૂરણ જલાઉ / માલ લાકડાં સ્થાનિક વેચાણ ધ્વારા નિકાલ કરવા બાબત. |
| ૧૩.૨ | આદિવાસીઓને મકાન બાંધવા તથા રીપેર કરવા માટે રાહત દરે આપવામાં આવતા વાંસ |
| ૧૩.૩ | આદિવાસી વિસ્તારની આશ્રમશાળા, કોલેજો, આર્દશ નિવાસી શાળાઓને રાહત દરે જલાઉ લાકડાં પૂરા પાડવા છાત્રાલયોને બળતણના લાકડાં આપવા બાબતે |
| ૧૩.૪ | ગાંડા બાવળ કાપવા અને ગાંડા બાવળના લાકડાં તેમજ તેમાંથી બનાવેલ કોલસા અંગે વાહતુક પાસ આપવા અંગેની સૂચનાઓ |
| ૧૩.૫ | વન્યપ્રાણી ધારા માનવ જાનહાનિ તથા સંપત્તિને થતા નુકશાન સામે વળતર |

# પ્રકરણ – ૧૩.૧

## પરચુરણ જલાઉ માલ/ લાકડા સ્થાનિક વેચાણ ધ્વારા નિકાલ કરવા બાબત.

| | |
|---|---|
| કાર્યક્રમનું નામ | પરચુરણ જલાઉ માલ/ લાકડા સ્થાનિક વેચાણ ધ્વારા નિકાલ કરવા બાબત. |
| પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | રાહત |
| ઉદેશ | સ્થાનિક લોકોના લાભ માટે |
| નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | ઉપલબ્ધતા પ્રમાણે અપાય છે. |
| પાત્રતા | (૧) સ્થાનિક વન વિસ્તારના રહીશો |
| પાત્રતા માટેના માપદંડો | વન વિસ્તારના ગામના સ્થાનિક રહીશો |
| પૂર્વ જરૂરીયાતો | સ્થાનિક રહેવાસી હોવા જોઈએ. |
| લાભ મેળવવાની પધ્ધતિ | સંબંધિત નાયબ વન સંરક્ષકની કચેરીએ સાદા કાગળ માં અરજી કરવા |
| રાહત/ પરમિટ/ અધિકૃતિની સમય મર્યાદા | અરજી કરવાથી ઉપલબ્ધતા પ્રમાણે ફાળવણી થાય છે |
| અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં) | લાગુ પડતુ નથી. |
| અરજીનો નમૂનો (લાગુ પડતું હોય ત્યાં) | સાદા કાગળ ઉપર |
| બિડાણોની યાદી (પ્રમાણપત્રો/ દસ્તાવેજો) | સ્થાનિક રહીશ હોવાનો પુરાવો |
| બિડાણોનો નમૂનો | (૧) ગ્રામ પંચાયતનુ સાદા કાગળ ઉપર સ્થાનિક રહીશ હોવાનુ પ્રમાણપત્ર<br>(૨) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ નકલ<br>(૩) ચુંટણી ઓળખપત્રની ઝેરોક્ષ નકલ |

**<u>નોંધ</u> :** દરેક કચેરીએ સહાયની વિગત સહ લાભાર્થિની યાદી પત્રક સ્વરૂપ રજુ કરવાની રહેશે.

### વર્ષ ૨૦૦૯-૧૦

### સેલ ડેપો ઉપરથી નહી નફો નહી નુકશાનના ધોરણે ફાળવેલ રાહત દરના લાકડા

| અનુ | વિગત | લાભાર્થીની સંખ્યા | ફાળવેલ લાકડાનો જથ્થો | ઠરાવ ક્રમાંક / તા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સેલ ડેપો ઉપરથી નહી નફો નહી નુકશાનના ધોરણે ફાળવેલ રાહત દરના લાકડા | ૨૭૯૦ | ૫૭૮૦.૧૪ કવીન્ટલ ૨.૧૮૨ સાગી ઈમારતી | તરવ/૧૨૮૪/૧૧૫૭/વ–૩(૧૩) તા.૨૨.૯.૮૪ |

**પરચુરણ જલાઉ માલ / લાકડાના સ્થાનિક વેચાણ ઘ્વારા નિકાલ કરવા બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : તરવ–૧૨૮૪–૧૧૫૭–વ–૩(૧૩),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૨–૯–૧૯૮૪

વંચાણે લીધો :–
મુખ્ય વન સંરક્ષકશ્રીના પત્ર :ઈલબ/૧૪/૬૦૯૬/૬૧૦૨, તા.૧૫–૩–૮૪.

**ઠરાવ :–**

વન વિભાગમાં દર વર્ષે જંગલનું કપાણ મંજુર થયેલ વર્કિંગ પ્લાન મુજબ કે યોજના પ્રમાણે કરાવવામાં આવે છે અને ઈમારતી માલ વગેરે કાઢવામાં આવે છે અને જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત પવન થી,વાવાઝોડાથી ઉખડી પડેલ, ગુન્હાકામમાં ખાલસા કરેલ માલ, રસ્તા બાંધકામ, ડુબમાં જતા વિસ્તારમાંથી પણ ઝાડો કાપવાથી માલ નીકળે છે. આનો હરાજીથી નિકાલ થતો હોવાથી સ્થાનિક લોકોને માલ મળતો નથી. વધુમાં હાલ રાજયમાં નહી નફો નહી નુકશાન ના ધોરણે આયોજન યોજના હેઠળ જલાઉ માલના વેચાણ ડેપો ખોલવામાં આવે છે પણ મંજુર થયેલ ડેપો પુરતી મર્યાદીત છે. આ યોજના  પાછળનો હેતુ ઘ્યાને લઈને સ્થાનિક લોકોને પણ આનો લાભ મળે તે માટે જયાં જયાં આવો પરચુરણ જલાઉ માલ ઉપલબ્ધ હોય અને સ્થાનિક લોકોની માંગણી હોય તો તેનો સ્થાનિક બજાર ભાવે નિકાલ કરી તેની વહેંચણી લોકોને કરવા ડેપો ખોલવા તમામ વન સંરક્ષકશ્રીઓને પરવાનગી આપવામાં આવે છે. આવા ડેપો નહી નફો નહી નુકશાનના ધોરણે રહેશે આમાં કાંઈ વધારાના મહેકમનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

ગુજરાત રાજય ના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

–– સહી ––
સેકશન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના :
મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરા.
સર્વે વન સંરક્ષકશ્રીઓ,
સર્વે સંસદ સભ્યશ્રીઓ / સર્વે ધારાસભ્યશ્રીઓ.

| List of fuelwood depots (Sales Depots) March-09 | | | | |
|---|---|---|---|---|
| sr.No | Circle | Division | Name of Depots | Name of Range |
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1 | Vadodara | Godhara | Ladpur | Godhara(E) |
| | | | | Godhara(W) |
| | | | Lunawada | Lunawada |
| | | | Mena | Shahera |
| | | | | Kanpur |
| | | | Rampur | Sant(F&E) |
| | | | | Manpur |
| | | | | Ditvas |
| | | | Parabia | Morwa |
| | | | Devlekuva | Rajgadh |
| | | | Shivrajpur | Halol |
| | | | | Vejalpur |
| | | | | |
| 2 | Vadodara | Baria | Rampura | Rampura&Dahod |
| | | | Jhalod | Jhalod, Fatepura &Sanjeli |
| | | | (Rajpur Rest House) | |
| | | | Sangatala | Sangatala |
| | | | Dangaria | Baria &Dhanpur |
| | | | Limkheda | Limkheda, Randhikpur & Sarjuimi |
| | | | Vasiadungari | Vasiadungari &Garbada |
| | | | Tokarva | Kanjeta |
| | | | | |
| | Remarkas | | બારીયા વિભાગમાં દર્શાવવામાં આવેલ ડેપો ફ્યુલ વુડ ડેપો નથી. પરંતુ આ ડેપો પર ખાતારાહે માલ એકત્રિત કરી જાહેર હરાજીમાં મુકવાના થતા ટીમ્બર મટેરીયલ તથા જલાઉ માલ મુકવામાં આવે છે. | |
| | | | | |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | Vadodara | C’Udepur | Shinor | Nasavadi |
| | | | chanod | Naswadi |
| | | | Pavi jetpur | Pavi jetpur |
| | | | Dhanivadi | Kawat |
| | | | | |
| 4 | Valsad | North Dands | Ahwa | Ahwa |
| | | South Dangs | Waghai | Waghai |
| | | | | |
| | | | | |
| 5 | Surat | Raj-E | Rajpipala | Rajpipala |
| | | | Vasantpura | Kevadiya |
| | | | Dediapada | Dediapada |
| | | | Sagbara | Sagbara |
| | Surat | Raj-W | Dhobani Depots | Mandve (N) |
| | | | Zankhavav | Vankal |
| | | | Umarpada | Umarpada |
| | | | Netrang | Netrang |
| | | | Zagadia | Zagadia |
| | Surat | Vyara | Unai | Unai |
| | | | Anaval | Mahuva |
| | | | Vyara | Vyara |
| | | | Songadh | Sadadvel |
| | | | Bhurivel | Fort Songadh |
| | | | Nizar | Nessu East |
| | | | | |
| 6 | Gandhinagar | Gandhinagar | Sector-17, Nursery | Borij Range |
| | | Sabarkantha | vijaynagar | Vijaynagar |
| | | | Anttarsuba | Dhalvani |
| | | | Vadali | vadali |
| | | Sabarkantha(S) | Raigadh | Raigadh |
| | | | Modasa (Chand Tekari) | Modasa |
| | | | Bhiloda | Bhiloda |

## પ્રકરણ–૧૩.૨

# આદિવાસીઓને મકાન બાંધવા તથા રીપેર કરવા માટે રાહત દરે આપવામાં આવતાં વાંસ

| | |
|---|---|
| કાર્યક્રમનું નામ | આદિવાસીઓને મકાન બાંધવા તથા રીપેર કરવા માટે રાહત દરે આપવામાં આવતાં વાંસ |
| પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | રાહત |
| ઉદેશ | સ્થાનિક લોકોના લાભ માટે |
| નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | ઉપલબ્ધતા પ્રમાણે અપાય છે. |
| પાત્રતા | સ્થાનિક આદિવાસીઓ |
| પાત્રતા માટેના માપદંડો | સ્થાનિક આદિવાસી પ્રજા |
| પૂર્વ જરૂરીયાતો | સ્થાનિક રહેવાસી હોવા જોઈએ. |
| લાભ મેળવવાની પધ્ધતિ | સંબંધિત નાયબ વન સંરક્ષકની કચેરીએ સાદા કાગળ માં અરજી કરવા |
| રાહત/ પરમિટ/ અધિકૃતિની સમય મર્યાદા | અરજી કરવાથી ઉપલબ્ધતા પ્રમાણે ફાળવણી થાય છે |
| અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં) | લાગુ પડતુ નથી. |
| અરજીનો નમૂનો (લાગુ પડતું હોય ત્યાં) | સાદા કાગળ ઉપર |
| બિડાણોની યાદી (પ્રમાણપત્રો/ દસ્તાવેજો) | સ્થાનિક રહીશ હોવાનો પુરાવો |
| બિડાણોનો નમૂનો | (૧) ગ્રામ પંચાયતનુ સાદા કાગળ ઉપર સ્થાનિક રહીશ હોવાનુ પ્રમાણપત્ર<br>(૨) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ નકલ<br>(૩) ચુંટણી ઓળખપત્રની ઝેરોક્ષ નકલ |

**<u>નોંધ</u> :** દરેક કચેરીએ સહાયની વિગત સહ લાભાર્થીની યાદી પત્રક સ્વરૂપ રજુ કરવાની રહેશે.

### વર્ષ ૨૦૦૯–૧૦

### સેલ ડેપો ઉપરથી નહી નફો નહી નુકશાનના ધોરણે ફાળવેલ રાહત દરના વાંસ

| અનુ | વિગત | લાભાર્થીની સંખ્યા | ફાળવેલ વાંસનો જથ્થો | ઠરાવ ક્રમાંક / તા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સેલ ડેપો ઉપરથી નહી નફો નહી નુકશાનના ધોરણે ફાળવેલ રાહત દરના વાંસ | ૧૫ | ૩૧૫ નંગ વાંસ | ગવપ/૧૧૮૭/૩૫૮/વ–(૩) તા.૧.૩.૯૦ |

**આદિવાસીઓને મકાન બાંધવા તથા રીપેર કરવા માટે રાહતદરે આપવામાં આવતાં વાંસના દર વધારવા બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ગવપ–૧૧૮૭–૩૫૮–વ–૩,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧–૩–૧૯૯૦

વંચાણે લીધા :– (૧) ખેતી,વન અને સહકાર વિભાગના તા.૩૦.૪.૭૦ ના ઠરાવ ક્રમાંક : એફએલસી–૧૪૬૯–કોન્ફ–૬૬૫–પી.

(૨) મુખ્ય વન સંરક્ષકશ્રીનો તા.૨૮.૧.૮૭ નો પત્ર ક્રમાંક : ઈલબ–૧૪–અ–૧૪૦૦૫૦૧ સને ૮૬–૮૭.

**ઠરાવ :–**

આદિવાસીઓને મકાન બાંધવા તથા રીપેર કરવા માટે ખેતી, વન અને સહકાર વિભાગના તા.૩૦.૪.૭૦ ના ઠરાવ ક્રઃ એફએલસી/૧૪૬૯/કોન્ફ/૬૬૫/પી, થી કુટુંબ દીઠ નવું મકાન બાંધવા માટે ૨૫– વર્ષમાં એક વખત ૩૦૦ નંગ વાંસ અને મકાન મરામત માટે દર બે વર્ષે ૫૦ નંગ વાંસ , વાંસના પરમીટ દર રૂા.૭/– ના નંગ લેખે તથા રૂા.૧૫/– એકસ ડેપોએથી આપવાના થતાં વાહતુક ખર્ચ મળી દર ૧૦૦–નંગ દીઠ રૂા.૨૨/– ના દરે આપવાનું ઠરાવવામાં આવેલ. વર્ષોથી ચાલી આવતાં આ જુના દરમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ઉપરોકત દરમાં વધારો કરી ૧૦૦– નંગ વાંસના રૂા.૨૭/– ના બદલે રૂા.૬૬/– ના દર રાખવાનુ આથી ઠરાવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ : ૨૦.૧૧.૮૯ ના રોજ મળેલ સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજય ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

–– સહી ––
(એમ.ડી.ચિતારા)
ઉપસચિવશ્રી,
વન અને પર્યાવરણ વિભાગ

## પ્રકરણ–૧૩.૩

## આદિવાસી વિસ્તારની આશ્રમશાળા, કોલેજો, આર્દશ નિવાસી શાળાઓને રાહત દરે જલાઉ લાકડા પુરા પાડવા છાત્રાલયોને બળતણના લાકડા આપવા બાબતે

| | |
|---|---|
| કાર્યક્રમનું નામ | આદિવાસી વિસ્તારની આશ્રમશાળા, કોલેજો, આર્દશ નિવાસી શાળાઓને રાહત દરે જલાઉ લાકડા પુરા પાડવા<br>છાત્રાલયોને બળતણના લાકડા આપવા બાબતે |
| પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | રાહત |
| ઉદેશ | રાજય સરકારના વહીવટી સુધારણા અંગેના ટાસ્કમીશનની કાર્યવાહી ના ભાગરૂપે |
| નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | વિદ્યાર્થી દિઠ ઓછામાં ઓછુ ૨ કવીન્ટલ અને વધુમાં વધુ ૪ કવીન્ટલ |
| પાત્રતા | સરકારશ્રીના ઠરાવ નં. એમએફપી/૧૦૮૩/૧૧૪૧/વ.૩ તા.૨૮.૧૦.૮૮ મુજબ |
| પાત્રતા માટેના માપદંડો | વિદ્યાર્થીની સંખ્યા અંગે જિલ્લા શિક્ષણ અધિકારીના પ્રમાણપત્ર ના આધારે સબંધિત વન સંરક્ષકએ ખરાઈ કરવાની રહેશે. |
| પૂર્વ જરૂરીયાતો | માંગણી અને ઉપલબ્ધતા મુજબ લાકડુ આપવામાં આવે છે. |
| લાભ મેળવવાની પધ્ધતિ | સંસ્થાના લેટરપેડ ઉપર અથવા સાદા કાગળ માં સબધિત નાયબ વન સંરક્ષકની કચેરીએ અરજી કરવી. |
| રાહત/ પરમિટ/ અધિકૃતિની સમય મર્યાદા | નકકી કરવામાં આવેલ નથી. |
| અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં) | લાગુ પડતુ નથી. |
| અરજીનો નમૂનો (લાગુ પડતું હોય ત્યાં) | અરજીનો નમુનો નિયત નથી. શાળા કોલજના લેટરપેડ ઉપર અરજી કરવાની |
| બિડાણોની યાદી (પ્રમાણપત્રો/ દસ્તાવેજો) | સંસ્થામાંથી લાભ મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા દર્શાવતુ સમાજકલ્યાણ અધિકારીનુ પ્રમાણપત્ર |
| બિડાણોનો નમૂનો | સમાજ કલ્યાણ અધિકારીનુ પ્રમાણપત્ર |

**નોંધ :** દરેક કચેરીએ સહાયની વિગત સહ લાભાર્થિની યાદી પત્રક સ્વરૂપ રજુ કરવાની રહેશે.

### આદિવાસી વિસ્તારની આશ્રમશાળા, આર્દશ નિવાસી શાળાઓને રાહત દરે જલાઉ લાકડા પુરા પાડવાની યોજના

| અનુ | વિગત | લાભાર્થીની સંખ્યા | ફાળવેલ લાકડાનો જથ્થો | ઠરાવ ક્રમાંક / તા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | આદિવાસી વિસ્તારની આશ્રમશાળા, આર્દશ નિવાસી શાળાઓને રાહત દરે જલાઉ લાકડા પુરા પાડવાની યોજના | ૧૪૦૬ વિદ્યાર્થી | ૩૯૯૫ કિવન્ટલ | એમએફપી/૧૦૮૩/૧૧૪/વ–૩ તા.૨૮.૧૦.૮૮ |

## છાત્રાલયોને બળતણના લાકડા આપવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએફપી–૧૦૮૩–૧૧૪–વ.૩,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૮–૧૦–૧૯૮૮

વંચાણે લીધા :– (૧) ખેતીવાડી અને સહકાર વિભાગનો તા.૧૨.૪.૭૦ નો ઠરાવ ક્રમાંક : એમએફપી–૩૧૬૮–યેઓ–૧૫૮–પી.
(૨) કૃષિ અને વન વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએફપી–૧૦૮૩–૧૧૪–વ.૩,તા.૨.૧.૮૩, તાઃ૬.૨.૮૫, તાઃ૧.૩.૮૬, તા.૧૦.૩.૮૬

**ઠરાવ :–**

ખેતીવાડી અને સહકાર વિભાગના સંદર્ભ ક્રમાંકઃ (૧) અને (૨) હેઠળના ઠરાવોથી ગુજરાત રાજયમાં આવેલ પછાત વર્ગ અને આદિવાસીઓના છાત્રાલય/ આશ્રમશાળાને વન વિભાગ તરફથી જલાઉ લાકડું રાહત દરે આપવામાં આવે છે. રાજય સરકારના વહીવટી સુધારણા અંગેના ટાસ્કમીશનની કાર્યવાહીના ભાગ રૂપે સંદર્ભ હેઠળના ક્રમાંકઃ (૧) અને (૨) સુધીના ઠરાવોની જોગવાઈઓનું નીચે મુજબ સંકલન કરવામાં આવે છે.

આદિવાસી આશ્રમ શાળાઓ અને પછાત વર્ગના છાત્રાલયના વિદ્યાર્થી દિઠ વાર્ષિક ચાર કિવિન્ટલ લાકડું સોસાયટી અથવા કોન્ટ્રાકટરોને આપેલ કુપો પરથી સારી જાતની સારી જાતના બળતણ ના લાકડાનો ભાવ–૨૦(વીસ) કિલો ગ્રામનો રૂ.૦૦.૮૦ પૈસા (એસી પૈસા ફકત) અને હલકી જાતના બળતણ ના ભાવ–૨૦(વીસ) કિલો ગ્રામનો રૂ. ૦૦.૬૦ પૈસા (સાઈઠ પૈસા) આકારી આ સંસ્થાને બળતણના લાકડા આપવાની દરખાસ્ત વાહન ખર્ચ લગતી વળગતી સંસ્થાને ભોગવવાના રહેશે તે શરતે મંજુર કરવામાં આવે. પ્રવર્તમાન હુકમોમાં ફેરફાર કરી રાજયમાં આવેલ પછાત વર્ગ અને આદિવાસી સેવા સમિતિ, આશ્રમશાળા અને છાત્રાલયોને તેમજ અંપગ બહેરા–મુંગા અને શારીરિક ખોડ અને માનસિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયને બળતણ જલાઉ લાકડું રાહતના દરે નીચે જણાવેલ ધોરણો અને શરતોને આધિન આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બળતણ જલાઉ લાકડાના ભાવ દર વર્ષે વન સંરક્ષકશ્રી તરફથી બજાર ભાવ નજરે રાખીને નકકી કરવામાં આવે તેના ૫૦ ટકા રાહત દરે લાકડું આપવું.
(૨) બળતણ જલાઉ લાકડાનુ વાર્ષિક પ્રમાણ સંસ્થા હસ્તકની વિદ્યાર્થીઓની સંખ્યા ના અનુસંધાને વિદ્યાર્થી દિઠ ઓછામાં ઓછુ ૨ કિવન્ટલ અને વધુમાં ૪ કિવન્ટલ માલની ઉપલબ્ધતા અને ઉત્પાદન ઘ્યાને લઈને મુખ્ય વન સંરક્ષકશ્રીએ નકકી કરવાનુ રહેશે.
(૩) સંસ્થા હસ્તકની વિદ્યાર્થીઓની સંખ્યા અંગે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીના પ્રમાણપત્રના આધારે સંબંધિત વન સંરક્ષકશ્રીએ ખરાઈ કરવાની રહેશે. જેથી સંસ્થાઓને ફાળવવામાં આવેલ જલાઉ લાકડાનો યથોચિત ઉપયોગ થાય છે તેની ખાત્રી કરી શકાય.
(૪) સંસ્થાઓને ફાળવવામાં આવેલ જલાઉ લાકડાના વાહતુક અંગેનો ખર્ચ જે તે સંસ્થાઓએ ભોગવવાનો રહેશે.

**ઉપર જણાવેલ શરત—૧ માં ફેરફાર કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

| **વર્ષ** | **જંગલ વિસ્તારના ૧૦ કિ.મી. વિસ્તારમાં આવતી આશ્રમશાળા / છાત્રાલયો.** | **જંગલ વિસ્તારના ૧૦ કિ.મી. બહારના વિસ્તારમાં આવતી આશ્રમશાળા / છાત્રાલયો.** |
|---|---|---|
| ૧૯૮૩—૮૪ | ૮૦ ટકા | ૭૦ ટકા |
| ૧૯૮૪—૮૫ | ૮૦ ટકા | ૬૦ ટકા |
| ૧૯૮૫—૮૬ | ૭૦ ટકા | ૬૦ ટકા |

૧૯૮૫—૮૬ના પછીના વર્ષ માટે રાહતનુ શરતોનું ધોરણ ૫૦ ટકા રહેશે. અન્ય શરતો યથાવત રહે છે.

(૨) સંસ્થા હસ્તકની વિદ્યાર્થીઓની સંખ્યા અંગે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીના પ્રમાણપત્રના આધારે, સંબંધિત વન સંરક્ષકશ્રીએ ખરાઈ કરવાની રહેશે. જેથી સંસ્થાઓને ફાળવવામાં આવેલ જલાઉ લાકડાનો યથોચિત ઉપયોગ થાય છે તેની ખાત્રી કરી શકાય.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમનાનામે.

—— સહી ——
(એમ.વી.વાઘેલા)
ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય વડોદરા.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી.અલકાપુરી,વડોદરા.
વન સંરક્ષકશ્રી(સર્વે)
નાયબ વન સંરક્ષકશ્રી(સર્વે)
એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ/ રાજકોટ
સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.
શાખા સંગ્રહ.

## પ્રકરણ–૧૩.૪

## ગાંડા બાવળ કાપવા અને ગાંડા બાવળના લાકડા તેમજ તેમાંથી બનાવેલ કોલસા અંગે વાહતુક પાસ આપવા અંગેની સુચનાઓ

| | |
|---|---|
| કાર્યક્રમનું નામ | ગાંડા બાવળ કાપવા અને ગાંડા બાવળના લાકડા તેમજ તેમાંથી બનાવેલ કોલસા અંગે વાહતુક પાસ આપવા અંગેની સુચનાઓ |
| પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | રાહત |
| ઉદેશ | વાહતુક પાસની પ્રકિયામાં સરળીકરણ |
| નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | વહીવટી પ્રકિયા હોઈ લક્ષ્યાંક હોતા નથી. |
| પાત્રતા | કોઈપણ વ્યકિત |
| પાત્રતા માટેના માપદંડો | રક્ષિત અનામત જંગલ વિસ્તારથી ૧.૬ કિ.મી. સુધીના વિસ્તારથી દુર આવેલ વિસ્તારમાંથી ગાંડો બાવળ કાપી, વાહતુક કરવા માટે સરળ પ્રકિયા |
| પૂર્વ જરૂરીયાતો | ˘દ"દસ્ત્ર |
| લાભ મેળવવાની પધ્ધતિ | |
| રાહત/ પરમિટ/ અધિકૃતિની સમય મર્યાદા | પરમીટ ૧ જુલાઈ થી ૩૦ ઓકટોમ્બર સિવાયનો સમયગાળો |
| અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં) | –– |
| અરજીનો નમૂનો (લાગુ પડતું હોય ત્યાં) | –– |
| બિડાણોની યાદી (પ્રમાણપત્રો/ દસ્તાવેજો) | જમીનના ૭/૧૨ ૮/અ ના ઉતરા |
| બિડાણોનો નમૂનો | –– |

**ગાંડા બાવળ કાપવા અને ગાંડા બાવળના લાકડા તેમજ તેમાંથી બનાવેલ કોલસા અંગે વાહતુક પાસ આપવા અંગેની સુચનાઓ.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : તરવ–૧૦૨૦૦૪–૨૦૩૩–ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૩.૧૨.૨૦૦૪

સંદર્ભ : (૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : સાવયો/૪/અ/૮૦૯/૨૦૦૪–૦૫, તા.૮.૧૨.૨૦૦૪
(૨) ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૪૧(૩)
(૩) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : તરવ–૧૦૯૮–૪૧૬૦–ક, તા.૩૦.૧૦.૯૮
(૪) બોમ્બે ફોરેસ્ટ રૂલ્સ ૧૯૪૨ નો નિયમ–૮૮

**।। ઠરાવ ।।**

રાજયમાં ગાંડા બાવળનો ફેલાવો વિપુલ પ્રમાણમાં થયેલ હોવાના કારણે લોકો તરફથી ગાંડા બાવળનો નિકાલ કરવા માટે ઘણી જ રજુઆત થયેલ છે. સાથેસાથે ગાંડા બાવળના લાકડાને તેમજ તેમાંથી બનાવવામાં આવતા કોલસાને વાહતૂક પાસમાંથી મુકિત આપવાની પણ રજુઆતો થયેલ છે. આ બધી રજુઆતો બાબતે યોગ્ય તે સૂચનાઓ બહાર પાડવાનું/ નિયમોમાં સુધારો કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. આ બાબતે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગરના સંદર્ભ (૧)માં દર્શાવેલ તા.૮.૧૨.૨૦૦૪ ના પત્રથી જરુરી દરખાસ્ત /અભિપ્રાય મોકલવામાં આવેલ છે. તેમાં જણાવ્યા મુજબ રાજયમાં ગાંડા બાવળના ઉગાવાને લીધે તેની પર્યાવરણ પર કેટલીક સારી અસરો પણ જોવા મળેલ છે. તદુપરાંત ગાંડા બાવળના અતિશય ફેલાવાને લીધે જાહેર માર્ગોને, ખેતીવાડીને તેમજ જમીનને નુકશાન થઈ રહયું છે. તે જોતાં ગાંડા બાવળના વૃક્ષને કાપવા માટેના અને તેના લાકડા તેમજ કોલસાના વાહતૂક માટેના હાલના નિયમો બાબતમાં કાળજીપૂર્વકની વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સૌરાષ્ટ્રના વૃક્ષો કાપી નાખવા માટે શિક્ષા કરવા બાબતના અધિનિયમ ૧૯૫૧ હેઠળ ગાંડા બાવળને પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ નહિ હોવાથી રક્ષિત કે અનામત જંગલ વિસ્તાર સિવાયના વિસ્તારમાંથી તેને કાપવા માટે કોઈની પણ મંજૂરી લેવાની રહેતી નથી.

(૨) રાજયના રક્ષિત કે અનામત જંગલ વિસ્તારમાંથી ગાંડા બાવળનો ફેલાવો અટકાવવા માટે વન ખાતાએ નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ:૪૧(૩)થી મળેલ સત્તાની રૂએ સરકાર કોઈપણ જાતના ટીમ્બરને તેમજ કોઈપણ વન્ય પેદાશને તે નિયમોથી મુકત રાખી શકે છે. તે અન્વયે સરકાર ગાંડા બાવળના લાકડાને તેમજ તેમાંથી બનેલ કોલસાને વાહતૂક પાસ લેવામાંથી મુકિત આપવાનું ઠરાવે છે, પરંતુ દરિયાકાંઠાનો વિસ્તાર કે જયાં ગાંડા બાવળ સિવાય બીજી કોઈ વનસ્પતિ થતી નથી તેથી દરિયા કિનારાથી ૨ કિ.મી. સુધીના વિસ્તારમાંથી તેમજ અનામત જંગલ વિસ્તારની હદથી ૧.૬ કિ.મી. સુધીના વિસ્તારમાંથી ગાંડા બાવળ કાપવા માટે કે કોલસા બનાવવા માટે સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારીની પરવાનગી લેવાની રહેશે.

(૪) રક્ષિત કે અનામત જંગલ સિવાયની સરકારી જમીન, ખાનગી જમીન કે પંચાયત હસ્તકની જમીનમાંથી ગાંડા બાવળ દૂર કરી તેમાંથી કોલસા બનાવવાની પ્રવૃત્તિ વન ખાતને સ્પર્શતી ન હોવાથી વન ખાતાએ તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને આ અંગેગાંડા બાવળને જરૂરીયાત મુજબ કાપવા – દૂર કરવાની સંપૂર્ણ સત્તા જે તે જમીન ધારણ કરનાર વ્યકિત કે સંસ્થાની છે.

(૫) ગાંડા બાવળ અને અન્ય હાનિકારક વનસ્પતિ (ધભ્ભ્મ્() નો નાશ/નિકાલ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ/પંચાયતો તેમજ અન્ય કોઈ સંસ્થાઓને કામગીરી આપી શકાશે તે અંગે જીલ્લા આયોજન મંડળની ગ્રાન્ટ/માન.ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટનો કે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લઈ શકાશે. આ અંગેની કામગીરી જે

તે વિભાગો,જીલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ કરશે. આ અંગે પણ વનખાક્ષ્દર્દ્દદ્દઊ પરામર્શ કરવાનો રહેશે નહિ.

(૬) સરકારની ઉપરોકત સૂચનાઓ/જોગવાઈઓ રાજયમાંથી હાનિકારક વનસ્પતિ ઉપર અસરકારક અંકુશ લાવવા માટે બહાર પાડવામાં આવેલ છે. આ સૂચનાઓ મુજબ થતી કામગીરીમાં કોઈ હરકત કરશે તો તે અધિકારી–કર્મચારી સામે સરકારની સ્થાયી સૂચનાઓના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની સરકારશ્રીની તા.૧૦.૧૨.૨૦૦૪ની નોંધમાં મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

–– સહી ––
(અંનત પટેલ)
ઉપસચિવશ્રી,
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ
– માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
– માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર
– માન. મંત્રીશ્રી(વન) ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર
– સર્વે. માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર
– સર્વે માન.રા.ક. મંત્રીશ્રીઓના અગ્ર સચિવશ્રી, અંગત સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર
– અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
– અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિ. અને વ્ય., ગુજરાત રાજય, ગાંધીનગર
– અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સા.વ.યો, ગુજરાત રાજય, ગાંધીનગર
– સચિવાલયના સર્વે વિભાગો ગુજરાત રાજય, ગાંધીનગર
– સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ સર્વે કલેકટરશ્રીઓ
– મેનેજીગ ડિરેકટરશ્રી, ગુજરાત વન વિકાસ નિગમ લી., ગાંધીનગર
– એકાઉન્ટ જનરલશ્રી રાજકોટ, અમદાવાદ
– વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
– માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
– વન અને પર્યાવરણ વિભાગની સર્વે શાખાઓ.
– સીલેકટ ફાઈલ

# પ્રકરણ–૧૩.૫

## વન્યપ્રાણી ધ્વારા માનવ જાનહાની તથા સંપતિને થતા નુકશાન સામે વળતર

| | |
|---|---|
| કાર્યક્રમનું નામ | વન્યપ્રાણી ધ્વારા માનવ જાનહાની તથા સંપતિને થતા નુકશાન સામે વળતર |
| પ્રકાર (રાહત/ પરમિટ/ અધિકૃતિ) | રાહત |
| ઉદેશ | વળતર |
| નકકી કરેલ લક્ષ્યાંક (છેલ્લા વર્ષ માટે) | બનતા બનાવ પ્રમાણે |
| પાત્રતા | રાજયમાં વન તથા અભ્યારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા માનવી તેમજ તેમના માલ–ઢોરને હિસંક પ્રાણીઓના હુમલાથી થતુ નુકશાન/ મૃત્યુ/ઈજા/ હાની ના પ્રસંગે |
| પાત્રતા માટેના માપદંડો | સરકારશ્રીના ઠરાવ મુજબ (નકલ સામેલ છે.) |
| પૂર્વ જરૂરીયાતો | અરજી/ તથા મેડીકલ રીપોર્ટ |
| લાભ મેળવવાની પધ્ધતિ | ક્રમાનુસાર |
| રાહત/ પરમિટ/ અધિકૃતિની સમય મર્યાદા | બનાવ બન્યા બાદ રાહત/વળતર નકકી કરી શકય તેટલુ જલદી |
| અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં) | લાગુ પડતી નથી. |
| અરજીનો નમૂનો (લાગુ પડતું હોય ત્યાં) | લાગુ પડતી નથી. |
| બિડાણોની યાદી (પ્રમાણપત્રો/ દસ્તાવેજો) | મેડીકલ રીપોર્ટ/ પી.એમ. રીપોર્ટ |
| બિડાણોનો નમૂનો | જરૂરી નથી. |

**વન્યપ્રાણીઓથી થતાં મારણ/ નુકશાન અંગે**
**<u>રાહત /વળતર આપવા બાબત.</u>**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
સ.ઠ.ક્રમાંક : વપસ/૧૧૯૬/૪૧૧/ ગ–૧
સચિવાલય, ગાંધીનગર.તા. ૧૮–૩–૯૬

વંચાણે લીધા :
(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૩૦.પ.૯૧ નો સ.ઠ.ક્રમાંક : ડબ્લ્યુએલપી/૧૬૯૦/૨૧૮૨/વ. ૨.
(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧૪.૩.૯૬ ના પત્રાંક : વપસ/૨૭/અ/૩૯૦૭–૯૬

**<u>ઠરાવ</u> :–**

રાજયમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતાં માનવી તેમજ તેમના માલ–ઢોરને હિસંક પ્રાણીઓના હુમલાથી નુકશાન થતુ રહેતું હોય છે, જેના સંદર્ભે મૃત્યુ/ઈજા/ હાનિના પ્રસંગો સરકારશ્રી ધ્વારા અપાતા વળતરના દરો સંદર્ભ(૧)માં દર્શાવ્યા મુજબના તા.૩૦.પ.૯૧ના ઠરાવથી નકકી કરાયેલા હતાં.

૨. ઉકત ઠરાવમાં નિયત કરાયેલ દરોને પ્રર્વતમાન પરિસ્થિતિના સંદર્ભમાં ધ્યાને લઈ સદરહુ વળતરના દરો વધારવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણામાં હતો, પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી ઉકત વળતરના દરોની નીચે મુજબની શરતોને આધીન રહીને સુધારવાનું આથી ઠરાવે છે. :–

(અ) રાજયના સમગ્ર વિસ્તારમાં વન્યપ્રાણીથી થતાં હુમલાથી મૃત્યુ કે ઈજા/ હાનીના કિસ્સામાં સરકાર તરફથી વળતર ચુકવવામાં આવશે.

(બ) જે જીલ્લામાં નાયબ વન સંરક્ષકશ્રી (પ્રાદેશિક) ની કચેરી ન હોય તે જીલ્લામાં નાયબ વન સંરક્ષકશ્રી (સામાજીક વનીકરણ) ધ્વારા વળતર ચુકવવા અંગેની કાર્યવાહી હાથ ધરાશે.

(ક) આ ઠરાવ તા.૮.૩.૯૬ થી અમલમાં આવશે.

(ડ) વળતર આપવાના દર નીચે દર્શાવ્યા મુજબ સુધારેલ છે.

| ક્રમ | વિગત | | સુધારવામાં આવેલ દરની રકમ (રૂ) |
|---|---|---|---|
| ૧. | માનવ ઈજા | સામાન્ય ઈજા | ૨૫૦૦ |
| | | મોટી ઈજા | ૧૦૦૦૦ |
| ૨ | માનવ મૃત્યુ | | ૧૦૦૦૦૦ |
| | માલ–ઢોરને નુકશાન | | |
| અ– | ગાય | | |
| | (૧) દુઝણી | | ૩૦૦૦ |
| | (૨) વસુકી ગયેલી | | ૧૦૦૦ |
| | (૩) વાછરડી/ વાછરડો | | ૧૫૦૦ |
| આ– | બળદ | | |
| | (૧) બે વર્ષથી ઉપરનો (ખેડાણ માટે ઉપયોગી) | | ૪૦૦૦ |
| | (૨) બે વર્ષની નીચેનો (ખસી કરેલ) | | ૨૫૦૦ |
| ઈ– | સંવર્ધન માટે ઉપયોગી પાડો | | |
| | (૧) બે વર્ષથી ઉપરનો | | ૨૫૦૦ |
| | (૨) બે વર્ષથી નીચેનો | | ૮૦૦ |
| ઉ– | ભેંસ | | |
| | (૧) દુઝણી | | ૫૦૦૦ |
| | (૨) દુઝણી ન હોય તેવી | | ૧૫૦૦ |
| | (૩) કાયમ માટે વસુકી ગયેલ | | ૧૦ ૦૦ |
| ઉ– | અન્ય માલઢોર (પાળેલા) | | |
| | (૧) પાળેલા ઘેટા | | ૨૫૦ |
| | (૨) પાળેલા બકરા | | ૩૦૦ |
| | (૩) પાળેલા ઉંટ | | ૩૫૦૦ |
| | (૪) પાળેલા ઘોડા | | ૩૦૦૦ |
| | (૫) પાળેલા ગધેડા | | ૧૫૦૦ |

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૮–૩–૯૬ ની ની સંમતિ બાદ જારી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

—— સહી ——
**(આર.વી.આચાર્ય)**
સેકશન અધિકારી,
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે માન.મંત્રીશ્રી
સચિવાલયના સર્વે વિભાગો
નાણાં શાખા/ વન અને પર્યાવરણ વિભાગની સવે શાખાઓ
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
મુખ્ય વન સંરક્ષકશ્રી વન્યપ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગર

**<u>સુધારો</u>** **વન્યપ્રાણીઓથી થતાં મારણ/ નુકશાન અંગે**
**<u>રાહત /વળતર આપવા બાબત.</u>**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક : વપસ/૧૧૯૬/૪૧૧/ગ–૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૨–૮–૯૭

વંચાણે લીધા :–
૧. વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૮.૩.૯૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યપ્રાણી) ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧૯.૫.૯૭ નો પત્ર ક્રમાંક : વપસ/૨૭/અ/૬૮૫–૯૭–૯૮

**<u>સુધારો</u>**

આ વિભાગના તા.૧.૩.૯૬ ના ઠરાવ ક્રમાંક : વપસ/૧૧૯૬/૪૧૧/ગ–૧ અન્વયે રાજયમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતાં માનવી તેમજ તેમના માલ–ઢોરને હિસંક પ્રાણીઓના હુમલાથી થતા નુકશાન અંગે તેમાં દર્શાવેલ શરતોને આધિન રાહત દરોના દરો નકકી કરવામાં આવેલ છે. આ ઠરાવના પેરા નં. ૨(૩) માં ફકત ભેંસ ના મૃત્યુ કે ઈજાના રાહત માટે જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ તેમાં ભેસની પાડીનો સમાવેશ થયેલ નથી. આ પ્રશ્નના ઉકેલ માટે થઈને પ્રસ્તાવનામાં દર્શાવેલ તા.૧૮.૩.૯૬ ના ઠરાવના વર્તમાન પેરાના નં.૨(૩)ને બદલે નીચે દર્શાવ્યા મુજબનો પેરા નં. ૨(૩) પ્રસ્થાતિ કરવાનું સરકાર ઠરાવે છે. :–

| .નં. | વિગત | વળતરની રકમ રૂ. |
|---|---|---|
| <u>૩–</u> | <u>ભેંસ</u> | |
| | (૧) દુઝણી | ૫૦૦૦ |
| | (૨) દુઝણી ન હોય તેવી | ૧૫૦૦ |
| | (૩) કાયમ માટે વસુકી ગયેલ | ૧૦ ૦૦ |
| | (૪) પાડી | ૧૦૦૦ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

–– સહી ––
**(હર્ષ બ્રહમભટ્ટ)**
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે માન.મંત્રીશ્રી
સચિવાલયના સર્વે વિભાગો
નાણાં શાખા/ વન અને પર્યાવરણ વિભાગની સવે શાખાઓ
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
મુખ્ય વન સંરક્ષકશ્રી વન્યપ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગર

**સને ૨૦૦૫–૦૬**
**પ્લાન/ બિન આદિવાસી**

**સને ૨૦૦૫–૦૬ ના વર્ષ માટેની વહીવટી મંજુરી બાબત. માનવજીવન અને મિલકતને વન્યપ્રાણીઓ ધ્વારા થતું નુકશાન અટકાવવા અને ઓછું કરવા માટેની યોજના**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી–૨૦.૦૪–૧૭૮૫–ગ.૧(૩૪)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧–૭–૨૦૦૫

સંદર્ભ :
(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વપસ–૨૫–એ–૧૮૨૩–૨૪/૦૪–૦૫, તા.૧૮.૧૦.૨૦૦૪ અને તા.૬.૫.૨૦૦૫ નો પત્ર ક્રમાંક : અ–વપસ–૨૫–૨૮૩–૦૫–૦૬
(૨) વન અને પર્યાવરણ વિભાગનો ઠરાવ ક્રમાંક :–ડબ્લ્યુએલપી–૨૦૦૫–૩૫૯–ગ.૧(૧૬૨) તા.૧૨.૪.૦૫.

**ઠરાવ :**

માનવ જીવન અને મિલકતોને વન્યપ્રાણીઓ ધ્વારા થતું નુકશાન અટકાવવા અને ઓછુ કરવા અંગેની યોજના માટે સને ૨૦૦૫–૦૬ ના નાણાંકિય વર્ષના અંદાજપત્રમાં કુલ રૂા.૭૦.૦૦ લાખ (અંકે રૂા. સીતેર લાખ પુરા) ની જોગવાઈ કરવામાં આવી છે. તે પૈકી રૂા.૨૦.૦૦ લાખની રકમ સંદર્ભ– (૨) માં દર્શાવેલ તા. તા.૧૨.૪.૦૫ ના ઠરાવથી અપાયેલ મંજુરીમાં આવરી લેવાયેલ છે. બજેટ જોગવાઈ પૈકી બાકી રહેતી રૂા.૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા) ની રકમની નીચે મુજબના કામો માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(રૂ.લાખમાં)

| અ.નં. | કામગીરીની વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | કાંટાળા તારની વાડ બનાવવાની કામગીરી | ૩૦.૦૦ |
| ૨ | વન્યપ્રાણીઓથી માનવ–મૃત્યુ–ઈજા, પશુ મૃત્યુ–ઈજા માટે વળતર | ૧૦.૦૦ |
| ૩ | વન્યપ્રાણીઓને પકડવા સાધન સામગ્રી પાંજરા વગેરે | ૫.૦૦ |
| ૪ | રેસ્કયુ પ્રાણીઓનું સ્થળાંતર– દવા ખોરાક | ૨.૦૦ |
| ૫ | નુકશાન રોકવા મજુરો વિગેરેનો ખર્ચ | ૨.૦૦ |
| ૬ | પ્રચાર સાહિત્ય | ૧.૦૦ |
| | **કુલ** | **૫૦.૦૦** |

૨. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(અ) આ વિભાગ ધ્વારા જે જે હેતુઓ માટે જેટલી ગ્રાન્ટ છુટી કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે. અને યોજના માટેના જે તે સદરે ઉધારવાનો રહેશે. આ અંગે કોઈ પણ જાતની નવી સેવા બને તેવા ખર્ચા કરી શકાશે નહી. આ અંગેની સંપુર્ણ જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
(બ) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨.૬.૯૪ ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ–૧૦૯૪–૨૬૦–ઝ.૧ તા. ૨૦.૫.૯૬ ના ઠરાવ ક્રમાંક ખરચ–૧૦૯૬–ઝ.૧ તથા તા.૯.૯.૯૮ ઠરાવ ક્રમાંક :ખરચ–૧૦૯૮–૭૦૪(૫૮) ઝ.૧ અનુસારની તેમજ વખતોવખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(ક) આ અંગે કરેલ ખર્ચની વિગતો સરકારશ્રીને તાત્કાલિક મોકલવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૦૫–૦૬ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | : ૨૫ (આયોજન) |
| સેકટર | : (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : ૨૪૦૬ વન નિમાર્ણ અને વન્યપ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : ૦૨ પર્યાવરણ લક્ષી વન નિમાર્ણ અને વન્યપ્રાણી જીવન |
| ગૌણ સદર | : ૧૧૦ વન્યપ્રાણી જીવન |
| પેટા સદર | : એફએસટી–૨૪ માનવજીવન અને મિલ્કતને વન્યપ્રાણીઓ ધ્વારા થતું નુકશાન અટકાવવા અંને ઓછુ કરવા માટેની યોજના. |

૫. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૩.૬.૨૦૦૫ ની નોંધ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

–– સહી ––
**(અંનત પટેલ)**
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

## માનવજીવન અને મિલ્કતને વન્યપ્રાણીઓ ધ્વારા થતું નુકશાન અટકાવવા અંને ઓછુ કરવા માટેની યોજના. વર્ષ ૨૦૦૯–૧૦

**નાણાંકિય લક્ષ્યાંકોની ફાળવણી** **(રૂા.લાખમાં)**

| અનુ | કામગીરીન વિગત | વન વર્તુળ જુનાગઢ | વન વતુળ ગાંધીનગર | વન વતુળ વડોદરા | વન વર્તુળ સુરત | વન વર્તુળ વલસાડ | સાવયો ભરૂચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વન્યપ્રાણીઓ ધ્વારા થતી માનવજાન હાની તથા પાળેલા પશુ ઓને થતી નુકશાની–મૃત્યુ–વળતરની રકમ ચુકવવા માટેની કામગીરી | ૧૦.૦૦ | ૦.૦૦ | ૪.૦૦ | ૩.૦૦ | ૧.૦૦ | ૪.૦૦ | ૨૨.૦૦ |

## વર્ષ ૨૦૦૯–૧૦ વન્યપ્રાણી ધ્વારા માનવમૃત્યુની વિગત

| અનુ | હુમલાના બનાવ ની સખ્યા | માનવ ઇજા ની સંખ્યા | વળતર ચુકવણીની વિગત | | |
|---|---|---|---|---|---|
| | | | હુમલાની સંખ્યા | માનવ ઇજા ની સંખ્યા | ચુકવણીની રકમ (રૂા.લાખમાં) |
| ૧ | ૧૬૫ | ૧૬૫ | ૧૬૫ | ૧૬૫ | ૧૨૦૭૫૦૦ |

## વર્ષ ૨૦૦૯–૧૦ વન્યપ્રાણી ધ્વારા માનવમૃત્યુની વિગત

| અનુ | હુમલાના બનાવ ની સખ્યા | માનવ ઇજા ની સંખ્યા | વળતર ચુકવણીની વિગત | | |
|---|---|---|---|---|---|
| | | | હુમલાની સંખ્યા | માનવ ઇજા ની સંખ્યા | ચુકવણીની રકમ (રૂા.લાખમાં) |
| ૧ | ૦૮ | ૦૮ | ૦૮ | ૦૮ | ૭,૦૦,૦૦૦ |

## વર્ષ ૨૦૦૯–૧૦ વન્યપ્રાણી ધ્વારા થતી માનવ ઈજાની વિગત

| અનુ | હુમલાના બનાવ ની સખ્યા | માનવ ઈજાની સંખ્યા | વળતર/સહાય ચુકવણીની વિગત | | |
|---|---|---|---|---|---|
| | | | હુમલાની સંખ્યા | માનવ ઈજાની સંખ્યા | ચુકવણીની રકમ (રૂા.લાખમાં) |
| ૧ | ૩૪૧૯ | ૩૪૧૯ | ૩૪૧૯ | ૩૪૧૯ | ૮૫,૭૪,૫૩૦ |